# ❀ Only for Mothers : Vicky or Rishi ❀

## પસંદ તમારી

| વીકીની મમ્મી | રિસીની મમ્મી |
| --- | --- |
| (૧) મારો દીકરો બાવીશમી સદીમાં જીવવા લાયક હોવો જોઈએ. વર્લ્ડક્લાસ એજ્યુકેશન, વર્લ્ડક્લાસ સિસ્ટમ, વર્લ્ડકલાસ સ્કીલ્સ, વર્લ્ડ-કલાસ એક્ટીવીટીઝ, એણે અલ્ટ્રામોર્ડન લાઈફ એન્જોય કરવાની છે. હું એના એજ્યુકેશન માટે જાન પટકી દઈશ. એ થ્રુ આઉટ ફર્સ્ટ આવવો જોઈએ. | (૧) મારા દીકરાને મારે સાચો માણસ બનાવવો છે. એનું અંતર કોમળ હોય. હૃદય લાગણીશીલ હોય. પ્રેમ અને કરુણાનું ઝરણું એના મનમાં વહ્યા જ કરતું હોય. મારે એને સાચા અર્થમાં શિક્ષિત બનાવવો છે અને એ વસ્તુ સંસ્કારથી જ શક્ય બની શકે. દુનિયાને ઘેટાના ટોળાની જેમ કૂવામાં પડવું હોય તો પડે. મારો દીકરો એ ગાડરિયા પ્રવાહમાં નહીં તણાય. |
| (૨) મારો દીકરો ને તપોવન ? What nonsense ! Never, કદી નહીં. સપનામાં પણ નહીં. એણે Race માં દોડવાનું છે, આગળ વધવાનું છે. મારે એને ધરમ નથી શીખવાડવાનો. એ પર્યુષણમાં પૂજા કરે જ છે ને સંવત્સરી પ્રતિક્રમણ પણ કરે છે. બસ, thats enough. એ અલ્ટ્રા મોડર્ન ઈન્ટરનેશનલ કોન્વેન્ટમાં ભણશે. એ ઈંગ્લીશમાં ભણશે. ઈંગ્લીશમાં જ બોલશે ને ઈંગ્લીશમાં જ વિચારશે. | (૨) કોન્વેન્ટના ક્રેઝીઓને બિચારાને એ જ ખબર નથી, કે કોન્વેન્ટનો અર્થ શું છે ? ફોરેનમાં લાખો છોકરા એવા છે જેમને એ જ ખબર નથી કે એમના મા-બાપ કોણ છે ? ફોરેનમાં લાખો છોકરા એવા છે જેઓ પાસે યા મમ્મી નથી યા પપ્પા નથી યા એકે ય નથી. આવા છોકરાઓનું અનાથાશ્રમ બનાવવામાં આવે. એને કોન્વેન્ટ કહેવાય. એ છોકરાઓ માટે ત્યાં કોઈ ‘ફાધર’ હોય છે, કોઈ ‘મધર’ હોય છે. કોઈ ‘સિસ્ટર’ હોય છે. એક સંતાન માટે સૌથી વધુ દુર્ભાગ્યપૂર્ણ શબ્દ કોઈ હોય તો એ કોન્વેન્ટ છે. મૂરખાઓને એ જ શ્રેષ્ઠ શબ્દ લાગે છે. મારો દીકરો તો તપોવનમાં જ ભણશે. |
| (૩) તું પૂજા નહીં કરે તો ચાલશે, પાઠશાળા નહીં જાય તો ચાલશે, પણ તારે સ્કુલનું અને ટ્યુશનનું ભણવું જ પડશે. તને ખબર છે ? બે લાખ રૂા. આપીને તારું એડમિશન લીધું છે ? તને ખબર છે તારી સ્કુલની ફી ૩ લાખ રૂા. છે ? તને ખબર છે. ટ્યુશન ટિચર દર મહિને અઢાર હજાર રૂપિયા લે છે. તારી જિંદગી બનાવવા માટે અમે આટલો ભોગ આપીએ, ને તારે ભણવું નથી એ કેમ ચાલે ? આ જ તારી સોનેરી લાઈફનું ફર્સ્ટ સ્ટેપ છે. | (૩) બેટા ! તું એક દિવસ સ્કુલ કે ટ્યુશનમાં નહીં જાય તો ચાલશે પણ પાઠશાળા નહીં જાય એ નહીં ચાલે. બેટા ! આ મિથ્યાત્વનું જ્ઞાન એ સંસારમાં રખડાવનારું છે. ભવો ભવ રિબાવી રિબાવીને મારનારું છે. જિનશાસનનું સમ્યક્જ્ઞાન આ ભવ અને પરભવ બંનેને સુખી કરનારું છે. જીવને શાશ્વત સુખ સુધી પહોંચાડનારું છે. બેટા ! આ જીવન વેડફી નાંખવા માટે નથી, આત્માનું કલ્યાણ કરવા માટે છે. |

| વીકીની મમ્મી | રિસીની મમ્મી |
|---|---|
| (૪) તમને કેટલી વાર ના પાડી, મારા છોકરાને પાઠશાળા માટે બોલાવવાનો નહીં અને માટે કોઈ લાલચ પણ આપવી નહીં. એને હોમવર્ક કરવાનું છે. સ્કેટિંગ ક્લાસમાં જવાનું છે. કરાટેમાં, સ્વિમિંગમાં અને જિમ્નેશિયમમાં જવાનું છે. એની પાસે પાઠશાળા માટે બિલકુલ ટાઈમ નથી. ખબરદાર છે હવે એને કદી પાઠશાળા માટે બોલાવ્યો છે તો. | (૪) બેટા ! આજે આઠમ કે ચૌદશ તો નથી. પણ તું કાલે રમવાના મોહમાં રહ્યો ને તું પાઠશાળા ન'તો ગયો ને એના પ્રાયશ્ચિત્ત રૂપે મેં આજે આંબેલ કર્યું છે. બેટા ! મારી કુખે આવેલ આત્મા પાપોથી ખરડાય, એનું જીવન બગાડે, ને દુર્ગતિમાં જાય, તો મારું માતૃત્વ લાજે. બેટા ! તું જે દિવસે પાઠશાળા નહીં જાય એના બીજા દિવસે હું આંબેલ કરવાની છું. તારા સંસ્કરણની મને ન પડી હોય તો હું મા મટીને ડાકણ બની જઈશ. |
| (૫) વીકી આખા બોર્ડમાં નવમા નંબરે આવ્યો. મારી મહેનત રંગ લાવી. વીકીએ જંગ જીતી લીધો. બસ, હવે તો એ આગળ ને આગળ વધતો જ જશે, હાઈ ફાઈ ડિગ્રી, હાઈ ફાઈ જોબ, હાઈ ફાઈ સેલરી, હાઈ ફાઈ લાઈફ, આઈ એમ રિયલી પ્રાઉડ ઓફ હીમ. | (૫) મારા રિસીએ કાલે તત્ત્વાર્થસૂત્રનો સ્ટડી પૂરો કર્યો એના આ લાડવા છે. તમને જ નહીં આખા એપાર્ટમેન્ટમાં આપવાના છે. મને એટલો આનંદ છે કે હું કહી શકું તેમ નથી. મને એવું લાગે છે કે આજે મારું માતૃત્વ સફળ થઈ ગયું. |
| (૬) મને રડવાનું કારણ નહીં પૂછો. મેં જ મારા પગ પર કુહાડો માર્યો છે. વીકી રાતે દોઢ વાગે ઘરે આવ્યો, એના મોઢામાંથી દારૂની વાસ આવતી હતી. મેં એને પૂછ્યું, ''બેટા તે દારૂ પીધો છે ?'' એણે મને સીધો એક લાફો મારી દીધો. પછી મને ગંદી ગાળ આપી ને એના રૂમમાં જતો રહ્યો. હું જ એના સંસ્કરણની દુશ્મન બની હતી. આજે કુસંસ્કારોમાં ફસાઈને એ એની હેલ્થ, સ્ટડી, કોન્સન્ટ્રેશન બધું જ ગુમાવી રહ્યો છે. બેફામ પૈસા વેડફી રહ્યો છે. હું આખી રાત તો રડી જ છું, હવે કદાચ આખી જિંદગી પણ રડીશ. મને તો હાથના કર્યા હૈયે વાગ્યા છે. | (૬) રિસી રાતે દોઢ વાગ્યા સુધી મારી પાસે બેઠો રહ્યો અને મારું માથું દબાવતો રહ્યો. મેં એને ઘણું કહ્યું, પણ એ ન ગયો. એણે કહ્યું અમને પાઠશાળામાં પહેલી જ વાત એ શીખવી છે કે 'મા-બાપ એ ઘરના ભગવાન છે.' શું હું ભગવાનની ઉપેક્ષા કરું ? રિસી જ્યારે આ શબ્દ બોલ્યો કે 'મમ્મી ! હું નાનો હતો ત્યારે તે મારા માટે ઉજાગરા ન'તા કર્યા ?' ત્યારે મારી આંખમાંથી આંસુ સરી પડ્યા હતા, એણે પરીક્ષાના દિવસોમાં ય મારી રોજ સેવા કરી. ને એ ફર્સ્ટ રેન્ક લાવ્યો ત્યારે મારી આંખ આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. પણ એને કોઈ આશ્ચર્ય ન હતું. એ સહજપણે એટલું જ બોલ્યો - ભગવાનની સેવા તો ફળે જ ને? |
| (૭) અમે લોહીના આંસું પાડ્યા, અમે એના પગે પડ્યાં. અમે કહ્યું કે અમે કોઈને મોઢું બતાવવા લાયક નહીં રહીએ. અમે તેને સારામાં સારી છોકરી પરણાવીશું. પ્લીઝ તું એની રઢ મુકી દે. એના પેટનું પાણી ન હલ્યું. એ લૂચ્ચું હસીને બોલ્યો હું એને જ પરણીશ. | (૭) મેં એને ઘણું કહ્યું'તું એક વાર એને મળ તો ખરો. રિસીએ એટલું જ કહ્યું, 'મમ્મી તારી પસંદ એ મારી પસંદ. તું જે કરીશ એ મારા સારા માટે જ કરીશ.' ઘરમાં દેવી આવી ને દીકરો-વહુ બંને મને મહારાણીને જેમ રાખે છે. |

| વીકીની મમ્મી | રિસીની મમ્મી |
|---|---|
| (૮) આખું વૃદ્ધાશ્રમ મને દિલાસો આપે છે ને મારા આંસું ખૂટતા જ નથી. નથી દીકરાનો વાંક કે નથી વહુનો વાંક. બધો વાંક મારો જ છે. હું તપોવનની આડે આવી, હું પાઠશાળાની આડે આવી, હું શિબિરની આડે આવી, હું સંસ્કરણની આડે આવી, જે સ્કુલમાં મા-બાપ ઉપકારી છે આટલું ય નથી શીખવાડાવાતું, જે ટ્યુશનમાં મા-બાપને છેલ્લી ઘડી સુધી સાચવવા જોઈએ આટલું ય નથી શીખડાવાતું, જે ડિગ્રીમાં મા-બાપને લોહીના આંસું ન જ પડાવવા જોઈએ આટલું ય નથી શીખડાવાતું, જે યુનિવર્સિટી પાસે સદ્‌ગુણોનો કોઈ કોન્સેપ્ટ જ નથી. એની પાછળ મેં મારા દીકરાની જિંદગી બરબાદ કરી દીધી. એ બધું કરાવવામાં મેં મારી જિંદગી પણ વેડફી નાંખી. હું મારા જ પાપોની સજા ભોગવી રહી છું. | (૮) ભાષા અનો થોડું ગણિત આ બે સિવાય લગભગ બધું જ એજ્યુકેશન ગધેડાનો બોજો છે. એ ઉપડાવવા સંતાનને પ્રેસર કર્યા કરવું એ એને ગધેડો બનાવીને ડફણા માર્યા કરવા બરાબર છે. બીજી બાજુ આ બધું કરાવવામાં સાચા શિક્ષણની ઉપેક્ષા થઈ જાય. જો પાઠશાળા-શિબિર અને સંસ્કરણની ઉપેક્ષા ન કરાય, એના માટે પૂરતું ધ્યાન અપાય તો દીકરો સંસ્કારી બને છે. મા-બાપનો ભક્ત બને છે. લોકવ્યવહારમાં પણ કુશળ બને છે. ઊંધા રવાડે ચડીને કેરિયર પણ બગાડતો નથી. જે આત્મામાં નથી માનતા, પુણ્ય-પાપ-સ્વર્ગ-નરક કે મોક્ષમાં ય નથી માનતા, તેમણે પણ સંસ્કરણ માટે જ સૌથી વધુ ધ્યાન આપવું જોઈએ. કારણ કે એના વિના આ ભવ પણ બગડી જાય છે. મેં મારા દીકરાને પાઠશાળા, તપોવન અને શિબિરમાં મોકલીને જે પુણ્ય કર્યું હતું. એનું ફળ હું આ ભવમાં જ માણી રહી છું. |
| (૯) એના પપ્પા સિરીયસ હતા, એ ના આવ્યો. એના પપ્પા થોડી મિનિટોના જ મહેમાન હતા. હું ધ્રુસકે ધ્રુસકે રડી. એ ન આવ્યો. એ સ્મશાનયાત્રામાં આવ્યો પણ લોક લાજે. એ ઠાઠડી સાથે ય ફોન મચડતો હતો. એના પપ્પા ચિતામાં હતા, એ ફોનમાં હતો. મારા ભવિષ્યની કોઈ ચિંતા કર્યા વિના એ બારોબાર જતો રહ્યો. મને લાગે છે હું એને દીકરો માનું છું એ મારી ભ્રમણા છે. હજી ઊંડું વિચારું છું, હું મને એની મા માનતી હતી, એ મારી ભ્રમણા હતી. | (૯) આજે એના દીકરા ય મોટા થઈ ગયા છે. એ જ કમાય છે. ઘર ચલાવે છે. પણ અમારો અદનો સેવક થઈને રહે છે. અમને જમાડીને જમે. અમે આવીએ ને ઊભો થઈ જાય. અમને ઉપર બેસાડીને પોતે નીચે બેસે. રોજ રાતે અમારા પગ દબાવે. અમે બીમાર પડીએ ને એના બધા પ્રોગ્રામ્સ કેન્સલ થઈ જાય. જાત્રામાં ય અમને સાથે રાખે ને ફરવામાં ય અમને સાથે રાખે. ના, બલ્કે એ અમારી સાથે રહે. અમને તપોવન ફળ્યું. પાઠશાળા ફળી. સંસ્કરણ ફળ્યું. અમારું કામ થઈ ગયું. શ્રવણને તો નથી જોયો, પણ મારા દીકરાને જરૂર જોયો છે, એ કળિયુગનો શ્રવણ છે. |

| વીકીની મમ્મી | રિસીની મમ્મી |
| --- | --- |
| (૧૦) હવે હું એકલી એકલી બબડ્યા કરું છું. બધા કહે છે 'હું ગાંડી થઈ ગઈ છું. મારું વર્તન બહુ વિચિત્ર થઈ ગયું છે.' વાત સાચી છે. મારું વર્તન પહેલાથી જ વિચિત્ર હતું. જ્યારથી હું કોન્વેન્ટના પનારે પડી. મોર્ડન ને ફોરવર્ડના પનારે પડી. કરે તેવું પામે ને વાવે તેવું લણે - એનું હું શ્રેષ્ઠ ઉદાહરણ છું. હવે મને પાગલની હોસ્પિટલમાં લઈ જવાની વાત ચાલી રહી છે. હકીકતમાં જ્યારથી મેં મારા દીકરાને તપોવનમાં મુકવાની ના પાડી, ત્યારથી જ મને પાગલની હોસ્પિટલમાં મુકી દેવા જેવી હતી. બસ, હવે જીવનમાં કશું જ બચ્યું નથી. હું મોતની રાહ જોઈ રહી છું. | (૧૦) દીકરો, વહુ, પૌત્રો બધા સતત ખડે પગે. એમની પ્રસન્નતા-એમની શાતા-એમની સમાધિ એ જ બધાનું લક્ષ્ય. એમના મિત્રો છક્ક. એમના ફેમિલી સાથે તેઓ મનમાં કંપેર કરતા હશે. તો જ એમની આંખમાં આંસુ આવે. મારા દીકરાનું જે સંસ્કરણ થયું, એના માટે મારી છાતી ગજ ગજ ફુલી રહી હતી. એ એમનું મૃત્યુ ન હતું. એ મૃત્યુ મહોત્સવ હતો. મારા દીકરાએ છેલ્લા શ્વાસ સુધી જે સેવા કરી ને સમાધિ આપી, હું ડેફિનેટલી કહી શકું કે એમની સદ્ગતિ જ થઈ હશે. હું ડેફિનેટલી કહી શકું છું. મારી પણ આવી જ સેવા થશે. મને ય આવી જ સમાધિ મળશે. ને મારી ય સદ્ગતિ નિશ્ચિત થશે. થેન્ક યુ તપોવન ! થેન્ક યુ પાઠશાળા ! થેન્કસ અ લોટ. |

✵

આજે બાજી તમારા હાથમાં છે
તમારે વીકીની મમ્મી બનવું હોય
કે રિસીની મમ્મી બનવું હોય
જે બનવું હોય તે બની શકો છો,
પણ એક વાર તમે ખોટો નિર્ણય લઈ લીધો
ને પછી કહો કે મારે તો રિસીની મમ્મી બનવું હતું
તો
ત્યારે રાઈના ભાવ રાતે વીતી ગયા હશે.